GJPT010023652025

---

**પાટણ જીલ્લાના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તેમજ પોકસો એકટ અન્વયેની સ્પેશ્યલ કોર્ટના જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૩૫/૨૦૨૫ તથા ૪૯/૨૦૨૫ નો સંયુકત ચુકાદો**

---

દાખલ તારીખ : ૨૪–૦૯–૨૦૨૫
નોંધણી તારીખ : ૨૪–૦૯–૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૦–૦૭–૨૦૨૬
સમય ગાળો : વર્ષ : માસ : દિવસ
**૦૦ : ૦૯ : ૧૬**

**<u>સ્પે.પોકસો કેસ નંબર : ૩૫ સને ૨૦૨૫</u>**

**આંક :– ૫૪**

**// ફોર્મ – એ //**

| | |
|---|---|
| **ગુનો :–** | પાટણ સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૧૯૨૫૦૨૦૫ સને ૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે. |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર (મુળ ફરીયાદી : ભોગ બનનારના પિતા) |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી.જે.જે.બારોટ |
| **આરોપી :–** | શિવમ શિવશંકર રઘુબીર રાઠોર, ઉ.વ.૨૩, ધંધો : મજુરી, રહેવાસી : દિલ્હી, રામગાર્ડન ગલી નં.૩, આર.પી.રાણાના મકાનમાં, રાવલનગર, ઉત્તર પૂર્વી દિલ્હી તથા હાલ રહેવાસી : બાસ્કા, તા.હાલોલ, જી.પંચમહાલ તથા મુળ રહેવાસી : ભૌમરાઉ, તા.તિબા, જી.કનૌજ, ઉત્તરપ્રદેશ. |
| **આરોપીઓ તરફે** | વિદ્વાન વકીલશ્રી કે.ડી.મહાજન |

# // ફોર્મ – બી //

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તારીખ : ૦૩/૧૧/૨૦૨૪ કલાક ૧૬–૦૦ |
| ગુનો જાહેર થયાની તારીખ | તારીખ : ૦૪/૦૪/૨૦૨૫ કલાક ૧૮–૦૦ |
| ચાર્જશીટની તારીખ | તારીખ : ૨૪/૦૯/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | તારીખ : ૦૮/૦૧/૨૦૨૬ |
| ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ | તારીખ : ૨૯/૦૪/૨૦૨૬ |
| ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ | તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ |
| વિશેષ નિવેદન નોંધ્યા તારીખ | –– |
| બચાવ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ | –– |
| બચાવ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ | –– |
| પક્ષકારો તરફે દલીલો સાંભળ્યાની તારીખ | તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | –– |

## <u>આરોપીની વિગત :–</u>

| અ.નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી ? | ટ્રાયલ દરમ્યાન જેલમાં ગાળેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શિવમ શિવશંકર રઘુબીર રાઠોર | ૧૩/૦૮/૨૫ | યુ.ટી.પી. | પીનલ કોડની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ),૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪,૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ | નિર્દોષ છોડવામાં આવ્યા છે. | –– | ૧૦ માસ, ૨૭ દિવસ |

દાખલ તારીખ : ૨૯–૧૨–૨૦૨૫
નોંધણી તારીખ : ૨૯–૧૨–૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૦–૦૭–૨૦૨૬
સમય ગાળો : વર્ષ : માસ : દિવસ
**૦૦ : ૦૬ : ૧૧**

**Judge, Sp. Court, Pocso Act, Patan.**

## સ્પે.પોકસો કેસ નંબર : ૪૯ સને ૨૦૨૫

## // ફોર્મ – એ //

| | |
|---|---|
| **ગુનો :–** | પાટણ સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૧૯૨૫૦૨૦૫ સને ૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે. |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર (મુળ ફરીયાદી : ભોગ બનનારના પિતા) |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિદ્ધાન એ.પી.પી.શ્રી.જે.જે.બારોટ |
| **આરોપી :–** | વિજયકુમાર શિવશંકર રઘુબીર રાઠોર, ઉં.વ.૨૦, ધંધો : મજુરી, રહેવાસી : ગામખ–ભૌમરાઉ, પોસ્ટ–ઈન્દરગઢ, કાલસન, તા.તિબા, જી.કનૌજ, ઉત્તરપ્રદેશ. |
| **આરોપીઓ તરફે** | વિદ્ધાન વકીલશ્રી કે.ડી.મહાજન |

## // ફોર્મ – બી //

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | તારીખ : ૦૩/૧૧/૨૦૨૪ કલાક ૧૬–૦૦ |
| **ગુનો જાહેર થયાની તારીખ** | તારીખ : ૦૪/૦૪/૨૦૨૫ કલાક ૧૮–૦૦ |
| **ચાર્જશીટની તારીખ** | તારીખ : ૨૯/૧૨/૨૦૨૫ |
| **તહોમતનામાની તારીખ** | તારીખ : ૦૫/૦૩/૨૦૨૬ |
| **ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | તારીખ : ૨૯/૦૪/૨૦૨૬ |
| **ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ |
| **વિશેષ નિવેદન નોંધ્યા તારીખ** | –– |
| **બચાવ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | –– |
| **બચાવ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | –– |
| **પક્ષકારો તરફે દલીલો સાંભળ્યાની તારીખ** | તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | –– |

## <u>આરોપીની વિગત :–</u>

| અ.નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી ? | ટ્રાયલ દરમ્યાન જેલમાં ગાળેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિજયકુમાર શિવશંકર રઘુબીર રાઠોર | ૩૦/૧૦/૨૫ | ૩૦/૧૦/૨૫ | પીનલ કોડની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ),૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪,૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ | નિર્દોષ છોડવામાં આવ્યા છે. | –– | –– આગોતરા જામીન મુકત |

### // બંને કેસોના કામે સંયુકત //

### // ફોર્મ – સી //

### –: <u>ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u> :–

**(એ)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | પંકજકુમાર ગોવિંદલાલ જોષી | શાળાના કલાર્ક | ૧૫ |
| (૨) | ડો.પરબતભાઇ અમથાભાઇ પટેલ | તબીબ સાહેદ | ૨૦ |
| (૩) | ભોગ બનનાર | ભોગ બનનાર/સાહેદ | ૨૭ |
| (૪) | ભોગ બનનારના પિતા | ફરીયાદી/સાહેદ | ૨૯ |
| (૫) | રાકેશકુમાર ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટ | પોલીસ સાહેદ | ૩૭ |
| (૬) | કમલેશભાઇ જમશુભાઇ ભોયે | પોલીસ સાહેદ | ૩૯ |

**(બી)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારની શાળાના સને–૨૦૦૬ ના જનરલ રજીસ્ટરનું રીલેવન્ટ પેઇજ | ખરી નકલ | ૧૬ |
| (૨) | ભોગ બનનારના એલ.સી.ની નકલ આપવા અંગે શાળાના આચાર્યશ્રીને ત.ક.અમલદારે કરેલ પત્ર | અસલ | ૧૭ |
| (૩) | ભોગ બનનારનું સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ | ખરી નકલ | ૧૮ |
| (૪) | આરોપી(શિવમ)ની શારીરિક તપાસ અંગે જનરલ હોસ્પિટલ, પાટણને ત.ક.અમલદારે કરેલ પત્ર | અસલ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| (૫) | આરોપી(શિવમ)ના શરીરના સેમ્પલ એફ.એસ. એલ.માં મોકલવા અંગેનો જનરલ હોસ્પિટલ, પાટણનો ફોરવર્ડીંગ લેટર | ઓફિસ કોપી | ૨૨ |
| (૬) | આરોપી(શિવમ)ની શારીરિક તપાસ અંગેનું જનરલ હોસ્પિટલ, પાટણનું મેડીકલ સર્ટીફિકેટ | અસલ | ૨૩ |
| (૭) | ભોગ બનનારનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ અન્વયેનું નિવેદન | અસલ | ૨૮ |
| (૮) | ફરીયાદ | અસલ | ૩૦ |
| (૯) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | અસલ | ૩૧ |
| (૧૦) | આરોપી (શિવમ) ના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | અસલ | ૩૨ |
| (૧૧) | ભોગ બનનારના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | અસલ | ૩૩ |
| (૧૨) | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું જનરલ હોસ્પિટલ, પાટણનું મેડીકલ સર્ટીફિકેટ | અસલ | ૩૪ |
| (૧૩) | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ઝેરોક્ષ | ૩૫ |
| (૧૪) | ડેપ્યુટ હુકમ | અસલ | ૩૮ |
| (૧૫) | ગુનો રજીસ્ટર્ડ કરવા પી.એસ.ઓ.ને કરેલ પત્ર | અસલ | ૪૦ |
| (૧૬) | એફ.આઈ.આર.માં કલમ વધારો કરવા અંગે સ્પે. પોકસો કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૪૧ |
| (૧૭) | ભોગ બનનારનું ભારતીય નાગરિક સંહિતાની કલમ-૧૮૩ અન્વયેનું નિવેદન લેવા અંગે વિ.મેજીસ્ટ્રેટશ્રી, પાટણને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૪૨ |
| (૧૮) | મુદ્દામાલ રવાનગી પત્રક | ઓફિસ કોપી | ૪૩ |
| (૧૯) | મુદ્દમાલ મળ્યાની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | અસલ | ૪૪ |
| (૨૦) | મુદ્દામાલ રવાનગી પત્રક | ઓફિસ કોપી | ૪૫ |
| (૨૧) | મુદ્દમાલ મળ્યાની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | અસલ | ૪૬ |
| (૨૨) | મુદ્દામાલ રવાનગી પત્રક | ઓફિસ કોપી | ૪૭ |

| | | | |
|---|---|---|---|
| (૨૩) | મુદ્દામાલ મળ્યાની ડી.એફ.એસ. ગાંધીનગરની પહોંચ | અસલ | ૪૮ |
| (૨૪) | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર | અસલ | ૪૯ |
| (૨૫) | એફ.એસ.એલ.અમદાવાદનો બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | અસલ | ૫૦ |
| (૨૬) | ડી.એફ.એસ.ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર | અસલ | ૫૧ |
| (૨૭) | ડી.એફ.એસ. ગાંધીનગરનો ડી.એન.એ.ફોરેન્સીક એકઝામીનેશન રીપોર્ટ | અસલ | ૫૨ |

**(સી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| **અ.નં.** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**(ડી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**(ઈ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| **અ.નં.** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**(એફ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

## // ફોર્મ – ડી //

## –: <u>ચાર્જશીટ સાથે રજુ કરેલ મુદ્દામાલની વિગત</u> :–

| આર્ટિકલ નંબર | પાવતી નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| (૧) | ૬૧/૨૦૨૫ | જુના જેવી આછા ગુલાબી કલરની ટીશર્ટ છે. જે જોતા અડધી બાંયની હોઈ જેની બંને બાંયના ભાગે નીચે કાળા કલરની પટ્ટી હોઈ, જે પૈકી જમણી બાંયની પટ્ટી ઉપર BOY અને ડાબી તરફની બાંયની પટ્ટી ઉપર ESD લખેલ છે તે. |
| (૨) | ૬૧/૨૦૨૫ | જુના જેવુ કાળા કલરનું લોઅર (નાઈટી) પેન્ટ છે. જે બે ખીસ્સાવાળી ઈલાસ્ટીકના નાડાવાળી છે. જેની ડાબી તરફના ભાગે-૨ લખેલ છે તે. |
| (૩) | ૬૩/૨૦૨૫ | એક પ્લાઝો પેન્ટ ચોકલેટી અને સફેદ કલરની ઉભી ડીઝાઇનવાળો ઈલાસ્ટીકના નાડાવાળો છે તે. |
| (૪) | ૬૩/૨૦૨૫ | એક ચાલુ વપરાશનો નાયરા કટ ફ્રોક પીળા કલરનું જેની અંદર લાલ જાંબલી વિગેરે અલગ અલગ કલરના નાના ફુલની ડીઝાઇનવાળો છે. પાછળ ગળાના ભાગે કપડાની દોરીવાળો છે તે. |

## -:: ઠ રા વ ::-

**(૧)** હાલના ચુકાદાની ચર્ચા શરૂ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, હાલનો કેસ બાળકોને જાતિય ગુનાઓથી રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ (સરળતા ખાતર "પોકસો એકટ") અન્વયે નોંધાયેલા ગુના સબબ છે. સદર પોકસો એકટની કલમ-૩૩(૭) તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **નિપુણ સકસેના વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા ૨૦૧૯(૨) એસ.એસ.સી. ૭૦૩** થી આપેલ આદેશ અનુસાર પોકસો એકટ અન્વયેના ગુનાની તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ કોઇપણ રીતે કે કોઈપણ પ્રકારે જાહેર ન થાય તે બાબતે ખાસ કાળજી લેવાની હોય, આ સમગ્ર ચુકાદામાં ભોગ બનનાર બાળાના નામનો કયાંય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને માત્ર " ભોગ બનનાર " તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**(૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૧૦/૦૨/૨૦૧૦ ની છે. ગઇ તા.૦૩/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના આશરે ચારેક વાગે તેમના ઘરે હાજર

હતા તે વખતે તેમની ભોગ બનનાર દિકરી પોતાને સ્કુલનું કામ હોવાનું કહીને ઘરેથી નીકળેલ અને મોડી સાંજ સુધી આવેલ ન હોઇ, જેથી ફરીયાદીએ તેઓના સગા સબંધીઓમાં ભોગ બનનારની શોધખોળ કરેલી, પરંતુ તેણીની કોઇ ભાળ મળેલ નહીં. જેથી તેઓએ ઉત્તરપ્રદેશ ખાતે ફરીયાદીની માતા રહેતા હોઇ, તેઓના ઘરે અથવા તેઓના સગા સબંધીના ઘરે ગયેલ હશે તેમ માની તેઓએ કોઇ ફરીયાદ કરેલ નહીં અને ત્યારબાદ પણ ફરીયાદીએ ભોગ બનનારની શોધખોળ કરેલ. પરંતુ તેણીની કોઇ ભાળ મળેલ નહીં. જેથી ફરીયાદીએ આ સબબ પાટણ સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી હતી.

(૩) ફરીયાદીની ફરીયાદ આધારે પાટણ સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૧૯૨૫૦૨૦૫ સને ૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતર "બી.એન.એસ.") ની કલમ-૧૩૭(૨) અન્વયે સજાને પાત્ર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સદર ગુનાની તપાસ દરમ્યાન ભોગ બનનાર દિકરી તથા આરોપી શિવમ શિવશંકર રાઠોર મળી આવતા, તેણીના નિવેદનમાં આ કામના આરોપી શિવમ શિવશંકર રાઠોરે ભોગ બનનારને જારકર્મ કરવાના ઈરાદે તેણીના વાલીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, આરોપી શિવમ રાઠોરે ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાનું અને તેના કારણે ફરીયાદીની ભોગ બનનાર દિકરી ગર્ભવતી બનેલ હોવાનું તેમજ આરોપી શિવમ રાઠોરને ગુનો કરવામાં વિજયકુમાર શિવશંકર રાઠોરે મદદગારી કરેલ હોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવતા તેમજ સહઆરોપી વિજયકુમાર રાઠોડ મળી આવતા ન હોઈ, તપાસ કરનાર અધિકારીએ બી.એન.એસ.ની કલમ-૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાની કલમોનો ઉમેરો કરવા તજવીજ કરેલી અને ગુનાની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપી શિવમ શિવશંકર રાઠોર વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સરળતા

ખાતર "બી.એન.એસ.એસ") ની કલમ–૧૯૩(૨) અન્વયે ઉપરોકત ગુનાઓ અંગેનું ચાર્જશીટ અત્રેની પોકસો એકટ અન્વયે રચવામાં આવેલી ખાસ અદાલત સમક્ષ કર્યુ હતુ. જે અન્વયે સ્પે.પોકસો કેસ નંબર : ૩૫ સને ૨૦૨૫ દાખલ કરવામાં આવ્યો છે. સદર ચાર્જશીટના અનુક્રમ નંબર–૧૨ માં નાસતા–ફરતા આરોપી તરીકે દર્શાવેલ આરોપી વિજય શિવશંકર રાઠોર મળી આવતા, તેઓને અટક કરેલા અને સંપુર્ણ તપાસના અંતે ગુનામાં મદદગારી અંગે તેઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા, તપાસ કરનાર અધિકારીએ બી.એન.એસ.એસની કલમ–૧૯૩(૨) અન્વયે ઉપરોકત ગુનાઓ અંગેનું પુરવણી ચાર્જશીટ અત્રેની પોકસો એકટ અન્વયે રચવામાં આવેલી ખાસ અદાલત સમક્ષ કર્યુ હતુ. જે અન્વયે સ્પે.પોકસો કેસ નંબર : ૪૯ સને ૨૦૨૫ દાખલ કરવામાં આવ્યો છે.

(૪) સદર કેસો દાખલ થતા આરોપીઓ તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે બચાવ અર્થે અત્રે હાજર રહ્યા છે. સૌપ્રથમ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ આરોપીઓ ઉપર જે તહોમત મુકવામાં આવ્યુ હતુ તેનું વર્ણન કરી ફરીયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીઓનો દોષ સાબિત કરવા માંગે છે તેનું વર્ણન કરી મૌખિક સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ અદાલત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજુ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સંબંધમાં બચાવપક્ષ તેમજ ફરીયાદ પક્ષની રજુઆતો સાંભળ્યા બાદ આરોપીઓએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઇન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો અદાલતને જણાઇ આવ્યા હોય, સ્પે.પોકસો કેસ નંબર : ૩૫ સને ૨૦૨૫ ના કામે આરોપી શિવમ શિવશંકર રાઠોર સામે આંક–૦૭ થી તથા સ્પે.પોકસો કેસ નંબર : ૪૯ સને ૨૦૨૫ ના કામે આરોપી વિજયકુમાર શિવશંકર રાઠોર સામે આંક–૦૮ થી બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫

(જે)(૨), ૬, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતનામા ઘડવામાં આવ્યા હતા તેમજ તે તહોમતનામાના કથનો આરોપી સમક્ષ વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા મુજબનો ગુનો કબુલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પુછી, તેઓના નિવેદનો અનુક્રમે આંક–૦૮ તથા આંક–૦૯ થી નોંધવામાં આવ્યા હતા. જે અન્વયે આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી હતી.

(૫) ત્યારબાદ સદર પોકસો કેસ નંબર : ૩૫ સને ૨૦૨૫ ના કામે આરોપીઓ તરફે વિ.વકીલશ્રીએ સદર બંને કેસો એકજ ફરીયાદ ઉપરથી ઉદ્ભવેલ હોઈ, સદર બંને કેસો એકસાથે ચલાવવા અરજી આપી હતી. જે અરજી અન્વયે હુકમ કરી સદર બંને કેસો એકસાથે ચલાવી બંને કેસોનો પુરાવો સ્પે.પોકસો કેસ નંબર : ૩૫ સને ૨૦૨૫ માં નોંધવાનો અને સ્પે.પોકસો કેસ નંબર : ૪૯ સને ૨૦૨૫ નું રોજકામ સ્થગિત કરી તે હુકમની એક નકલ પોકસો કેસ નંબર : ૪૯ સને ૨૦૨૫ માં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને તે મુજબ સદર બંને કેસોની ઈન્સાફી કાર્યવાહી કોન્સોલીડેટ કરી એકસાથે ચલાવી, બંને કેસોનો પુરાવો હાલના કેસમાં નોંધવામાં આવ્યો છે.

(૬) તહોમનામા ફરમાવ્યા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૪ અન્વયે ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીઓની હાજરીમાં નોંધવામાં આવ્યો હતો. ફરીયાદ પક્ષ તરફે ઉપર ફોર્મ–સી(એ) તથા (બી) માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષ તરફે પૂરાવો બંધ કર્યાની પુરસીસ આંક–૫૩ થી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ અત્રેની અદાલતે બી.એન.એસ.એસ.કલમ–૨૫૬ ને અનુસરીને આરોપીઓ પોતે જો સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવના સાહેદ તપાસવા માંગતા હોય, તો તેમ કરવાનો તેમનો પુરેપુરો અધિકાર છે, તેવી સમજણ આરોપીઓને આપવામાં આવી હતી.

પરંતુ, આરોપીઓ પોતે આવા અધિકારનો ઉપયોગ કરવા માંગતા નહીં હોવાનું તેમજ કોઇ પુરાવો રજુ કરવા માંગતાં નહીં હોવાનું જાહેર કર્યુ હતુ તેમજ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા, બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ નું નિવેદન નોંધી શકાય તેવા આરોપીઓ વિરૂદ્ધના કોઇ સંજોગો જણાઇ આવ્યા ન હોવાથી તે નિવેદન નોંધવામાં આવ્યા નથી.

(૭) આ કામમાં સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી જે.જે.બારોટની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓની તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનું તહોમત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં સફળ નિવડયો છે. વધુમાં, તેઓએ રજુઆત કરી છે કે, હાલના કેસમાં ભોગ બનનારને આરોપી નંબર–૧ નાએ તેણીની સગીરાવસ્થાનો લાભ લઇ ભરમાવી હોય, ભોગ બનનારે આરોપી નંબર–૧ વિરૂદ્ધ પુરાવો રજુ કર્યો નથી અને હોસ્ટાઇલ જાહેર થયા છે. પરંતુ, હાલના કેસમાં ભોગ બનનાર આરોપી નંબર–૧ ના દુષ્કર્મના કારણે ગર્ભવતી થયા છે અને તેવો ફરીયાદ પક્ષનો ચોકકસ કેસ છે તેમજ ગુનાની તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા જન્મ આપેલ બાળક તેમજ આરોપી નંબર–૧ ના ડી.એન.એ.પ્રોફાઇલ માટે નમુના મેળવવામાં આવ્યા છે અને તે ડી.એફ.એસ. ગાંધીનગર તરફ એનાલીસીસ માટે મોકલી આપવામાં આવ્યા છે અને તેનું સાયન્ટીફીક ઓફિસર દ્વારા એનાલીસીસ કરવામાં આવ્યુ છે અને તે એનાલીસીસ થકી ભોગ બનનાર અને આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોર ભોગ બનનારે જન્મ આપેલ બાળકના બાયોલોજીકલ (જૈવિક) માતા–પિતા હોવાનું પુરવાર થયુ છે અને તે અનુસાર હાલના કેસમાં જયારે ભોગ બનનાર બનાવ વખતે ૧૮ વર્ષ કરતા ઓછી વય ધરાવતી હોવાની હકીકત પુરવાર થઇ છે તે સંજોગોમાં તેણીએ પોતાની સંમતિથી આરોપી નંબર–૧ સાથે શરીર સંબંધ બાંધ્યો હોય તો પણ તેવી સંમતિ અસ્થાને છે અને તે અનુસાર આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારની સાથે અવાર નવાર

શારીરિક સંભોગ કરી તેણીને ગર્ભવતી કરી હોવાની હકીકત પુરવાર થઇ છે અને તે અનુસાર આરોપી નંબર–૧ નાએ તેની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે. વધુમાં, હાલના કેસમાં આરોપી નંબર–ર કે જે આરોપીના ભાઇ થાય છે તેઓએ આરોપી નંબર–૧ ને ગુનો કરવામાં મદદગારી કરી હોવાની હકીકત પણ ફરીયાદ પક્ષ તરફે પુરવાર કરવામાં આવી છે. સબબ આરોપીઓને કસુરવાર ઠરાવી કાયદામાં ફરમાવ્યા મુજબની મહત્તમ સજા કરવાની જરૂર છે.

(૮) જયારે આરોપીઓ તરફે વિ.વકીલશ્રી કે.ડી.મહાજનની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓએ તેઓની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામે ભોગ બનનાર તથા તેણીના પિતા કે જેઓ મહત્વના સાહેદો છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને કોઇ સમર્થન આપ્યુ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનાર અને આરોપી શિવમ રાઠૌરે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામા તથા ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના મેડીકલ સર્ટીફિકેટ વિગેરે દસ્તાવેજો બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા છે. સબબ તે દસ્તાવેજો પુરાવામાં સીધેસીધા ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજો થકી પણ આ કામના આરોપીઓએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ નથી. ત.ક.અમલદાર તથા તબીબી પુરાવાઓ ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય, તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. વધુમાં, તેઓએ રજુઆત કરી છે કે, હાલના કેસમાં ડી.એન.એ. રીપોર્ટ કાયદા મુજબ પુરવાર કરવામાં આવ્યો નથી. વધુમાં, ભોગ બનનારે જયારે આરોપી નંબર–૧ નાએ તેણીની સાથે કોઇ શારીરિક સંભોગ કરેલાની હકીકતને સમર્થન આપ્યુ ન હોય ત્યારે એકમાત્ર ડી.એન.એ. રીપોર્ટ ઉપર આધાર રાખીને આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત

વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડયા છે. સબબ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરી છે.

(૯) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા, હાલ કેસનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તહોમતનામામાં જણાવ્યા અનુસાર આ કામના ફરીયાદીની ભોગ બનનાર દિકરી બનાવ વખતે ૧૬ વર્ષ કરતા નાની સગીર વયની હોવાનું આરોપીઓ જાણવા છતા, આ કામના આરોપી શિવમ રાઠોરે આરોપી વિજય રાઠોરની મદદગારીથી ફરીયાદીની ભોગ બનનાર દિકરીને લલચાવી, ફોસલાવી, જારકર્મ કરવાના ઈરાદે તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, આરોપી શિવમ રાઠોરે ભોગ બનનાર સાથે અવાર નવાર શારીરિક સંભોગ કરી અને તેના કારણે ભોગ બનનારને ગર્ભવતી બનાવી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

**(૧) નકારાત્મક.**

**(૨) અંતિમ હુકમ અનુસાર.**

**Judge, Sp. Court, Pocso Act, Patan.**

**-::: કા ર ણો :::-**

**મુદ્દા નંબર – ૧ ::-**

**(૧૧)** હાલના કેસમાં આરોપીઓ ઉપર બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યાનું તહોમત મુકવામાં આવ્યુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170,** ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિદ્ધાંતોનો પુનરોચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Uttar Pradesh Vs. Krishna Gopal, (1988) 4 SCC 302** માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond resonable doubt. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવાની સાબિતીના બોજાનું વહન કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓની ચર્ચા કરવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

**(૧૧/૧)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૧ પંકજકુમાર ગોવિંદલાલ જોષીને આંક-૧૫ થી તપાસવામાં આવ્યા છે. જેઓ ભોગ

બનનારે જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના કલાર્ક છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ નિવડયો છે કે, ભોગ બનનારે બી.ડી.સાર્વજનિક વિદ્યાલયમાં અભ્યાસ કર્યો છે અને શાળામાં તેણી વિદ્યાર્થીની નંબર–૧૯૦૭૨ તરીકે નોંધાયેલ છે અને તે નોંધ અનુસાર ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૨/૨૦૧૦ ના રોજની છે અને તેણીએ સદર શાળામાં ધોરણ–૯ માં પ્રવેશ મેળવ્યો હતો. સદર સાહેદના મૌખિક પુરાવાથી શાળાના જનરલ રજીસ્ટરના જે પાના ઉપર ભોગ બનનારની નોંધ થઈ છે તે રીલવેન્ટ પેઈજની ખરી નકલ આંક–૧૬ થી પુરવાર કરવામાં આવી છે. વધુમાં, ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ આંક–૧૭ થી પુરવાર કરવામાં આવી છે. આમ, સદર સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૨/૨૦૧૦ ના રોજની હોવાની હકીકત પુરવાર થઈ છે. હાલનો બનાવ તા.૦૩/૧૧/૨૦૨૪ ના રોજ બન્યો હોઈ, ભોગ બનનાર બનાવ વખતે ૧૪ વર્ષ, ૦૮ માસ અને ૨૪ દિવસની ઉંમર ધરાવતા હોવાની હકીકત પુરવાર થઈ છે અને તે અનુસાર ભોગ બનનાર બનાવ વખતે ૧૬ વર્ષ કરતા ઓછી સગીર વય ધરાવતા હોવાની હકીકત પણ પુરવાર થઈ છે.

**(૧૧/૨)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૨ ડો.પરબતભાઈ અમથાભાઈ પટેલને આંક–૨૦ થી તપાસવામાં આવ્યા છે. જેઓ તબીબી અધિકારી છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ જનરલ હોસ્પિટલ, પાટણમાં તેમની ફરજ ઉપર હતા તે દરમ્યાન તેઓએ પોલીસ યાદી આધારે આરોપી શિવમ રાઠોરની બળાત્કાર સંબંધી શારીરિક તપાસ કરી નમુનાઓ લીધા છે તેમજ આરોપીના લખાવ્યા મુજબની હિસ્ટ્રી નોંધી છે. વધુમાં, સદર સાહેદે આરોપી શિવમ રાઠોરના શરીર ઉપર ઈજાના નિશાન ન હતા તેમજ તેના સેકન્ડરી સકસ્યુઅલ કેરેકટરીસ્ટીક સંપુર્ણ વિકસીત હતા અને તે શારીરિક સંભોગ કરવા માટે સક્ષમ હોવાની હકીકત જણાવી છે. સદર સાહેદના મૌખિક પુરાવાથી પોલીસ યાદી આંક–૨૧ થી તેમજ સેમ્પલ કલેકશન ફોર્મની ઓફિસ કોપી આંક–૨૨ થી તેમજ આરોપી

નંબર–૧ ની શારીરિક તપાસણી અંગેનું પ્રમાણપત્ર આંક–૨૩ થી પુરવાર કરવામાં આવ્યા છે.

(૧૧/૩) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૩ ભોગ બનનારને આંક–૨૭ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બન્યા છે. સબબ આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેણીએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપ્યુ નથી. તેણીએ સરતપાસમાં તેણીનું મુળ વતર યુ.પી.હોવાનું અને છેલ્લા દસ વર્ષ ઉપરાંતથી પાટણ મુકામે રહેતા હોવાની હકીકત જણાવી છે. વધુમાં, આરોપી સાથે તેણીની પ્રથમ મુલાકાત થયેલી અને તેઓ તેણીના ભાભીના સગા ભાઇ થાય છે અને તેઓ એકબીજા સાથે ફોન ઉપર વાતચીત કરતા હતા અને આરોપી શિવમ રાઠોડે લગ્ન બાબતે કોઇ હકીકત જણાવી ન હતી અને તેણી ઘરેથી કોઇના કહેવાથી નીકળી ન હતી, પરંતુ જાતે ઘર છોડીને જતી રહી હતી અને તેણી એકલી મહેસાણા ગઇ હતી અને ત્યાં જઇને તેણીએ શિવમના નાના ભાઇ વિજયને ફોન કરેલો અને તેને કહેલ કે, તેણી તેણીના ઘરે જવા માંગતી નથી અને તેણીની ફ્રેન્ડ હાલોલ રહે છે ત્યાં મુકી જવા કહેતા, વિજય તેણીને હાલોલ મુકી ગયેલા હતા અને ત્યારબાદ તેણી હાલોલ એકલી રોકાયેલી અને તેણીની સાથે કોઇ રોકાયેલ ન હતુ અને આ કામના આરોપી શિવમ રાઠોડે તેણીની મરજી કે મરજી વિના કોઇ શારીરિક સંભોગ કરેલ નથી અને તેણીને સંતાનમાં એક પુત્રનો જન્મ થયો છે અને તેની હાલ ઉંમર એક વર્ષ અને બે માસ છે અને તે તેણીની સાથે રહે છે અને સદર પુત્રનો જન્મ કોની સાથેના શારીરિક સંબંધથી થયેલ તે તેણી જણાવવા માંગતી નથી અને બનાવ અંગે કોણે ફરીયાદ આપી હતી તે તેણી જાણતી નથી અને પોલીસે તેણીની કોઇ પુછપરછ કરી ન હતી તેમજ તેણી આરોપી શિવમ તથા તેણીના ભાઇ વિજયને ઓળખતી હોવાની અને તેઓ બંને તેણીના ભાભીના સગા ભાઇ થતા હોવાની ઓળખતી હોવાની હકીકત જણાવી છે. વધુમાં, તેણી બનાવ સંબંધે કશું જાણતી નથી અને કશું કહેવા માંગતી નથી તેમ

જણાવેલ છે. વધુમાં, પોલીસ તેણીને ડોકટર પાસે લઇ ગઇ નથી કે તેણીની કોઇ શારીરિક તપાસ કરવામાં આવી નથી કે તેણીના શરીરમાંથી કોઇ નમુના લેવામાં આવેલ નથી તેમજ પોલીસ તેણીને પાટણ કોર્ટમાં મહિલા જજ સાહેબ પાસે લઇ ગઇ હતી, જયાં મહિલા જજ સાહેબે તેણીની પુછપરછ કરી નિવેદન નોંધ્યુ હતુ. સાહેદે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ અન્વયેના નિવેદનમાં પોતાની સહી હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવતા નિવેદન આંક–૨૮ થી રજુ છે. પોલીસે તેણીની પાસે કપડા માંગતા તેણીએ આપેલા હોવાનું અને જે કપડા તેણીને બતાવવામાં આવે તો તેણી ઓળખી શકે તેમ હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ કે જે ભોગ બનનાર છે, તેણીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોઇ, તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગીના આધિન સદર સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરી છે. પરંતુ, તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નિવડયા નથી. ભોગ બનનારની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ એવી હકીકત સ્વીકારી છે કે, પાટણ મહિલા જજ સાહેબ પાસે નિવેદન લખાવવા ગઇ તે વખતે પોલીસ તેણીની સાથે હતી તેમજ નિવેદન તેણીએ પોલીસના કહેવા મુજબ લખાવ્યુ હતુ. આમ, હાલના કેસમાં ભોગ બનનાર ફરીયાદમાં જણાવેલી હકીકતોથી તેમજ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનથી તેમજ વિદ્વાન મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ મૌખિક પુરાવાથી વિસંગત તેમજ વિરોધાભાસી પુરાવો અદાલત સમક્ષ રજુ કરે છે. આમ, ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય નથી.

**(૧૧/૪)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૪ ભોગ બનનારના પિતાને આંક–૨૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ ફરીયાદી છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ તેમની સરતપાસમાં તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૧૦/૦૨/૨૦૧૦ ની હોવાનું જણાવેલ છે. વધુમાં, તા.૦૩/૧૧/૨૦૨૪ ના રોજ તેમની ભોગ બનનાર દિકરી સ્કુલનું કામ હોવાનું જણાવી ઘરેથી નીકળેલ અને મોડી સાંજ

સુધી ઘરે પાછી ન આવતા, તેઓએ પાટણ મુકામે તથા તેઓના વતન યુ.પી. મુકામે શોધખોળ કરેલી, પરંતુ તેણી મળતી ન હોવાથી અને તે બાદ તેમના દિકરાનો સાળો શિવમ શિવશંકર રાઠોર પણ તેના ઘરે હાજર ન હોવાનું તેઓએ જાણતા, તેઓની ભોગ બનનાર દિકરીનું અપહરણ આ શિવમ રાઠોરે કરેલ હોવાનો તેમને શક હોઈ, તેઓએ પાટણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદે ફરીયાદમાં તેમની સહી હોવાનું જણાવી તે ઓળખી બતાવતા ફરીયાદ આંક-૩૦ થી રજુ કરવામાં આવી છે. આમ, સદર સાહેદે પોતાની આંક-૩૦ ની ફરીયાદમાં જણાવેલ માત્ર તેમની ભોગ બનનાર દિકરી ગુમ થયા અંગેની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલો છે. પરંતુ, ફરીયાદીએ આરોપીઓ ભોગ બનનારને લઈ જતા હોય તેવો બનાવ નજરે જોયેલ નથી અને આરોપી શિવમ રાઠોરે ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોય અને તેના કારણે ભોગ બનનાર ગર્ભવતી બનેલ હોય તેવી હકીકત ભોગ બનનાર દિકરીએ તેમને જણાવી હોય તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલી નથી.

**(૧૧/૫)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-પ રાકેશકુમાર ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટને આંક-૩૭ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને આ ગુનાની તપાસ કરનાર અધિકારી છે. તેમના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ તેમની ફરજ ઉપર પાટણ સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ભોગ બનનારના પિતાએ પોલીસ ઈન્સ્પેકટશ્રી કે.જે.ભોયે રૂબરૂ હાજર થઈ ફરીયાદ આપતા, જે ફરીયાદ તેમના લખાવ્યા મુજબની લઈ લઈ પી.એસ.ઓ.અનાર્મ હેડ કોન્સ્ટેબલ મુકેશજી કચરાજીએ ગુનો દાખલ કરી આગળની તપાસ તેમના તરફ ડેપ્યુટ કરતા તેઓએ તપાસ સંભાળી લીધી હતી અને તેઓએ ભોગ બનનારના ગુમ થયા અંગેના જરૂરી રીપોર્ટ તૈયાર કરી, તેણીની તપાસ માટે જરૂરી કાર્યવાહીઓ કરી હતી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધા હતા તેમજ મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ મેળવવા તજવીજ કરી હતી તેમજ સાહેદ પપ્પુભાઈ

શ્યામસુંદરની પુછપરછ કરી તેમના લખાવ્યા મુજબનું નિવેદન નોંધ્યુ હતુ તેમજ આરોપી શિવમ રાઠોરના સંપર્કમાં રહેતા તેમના ગામના વતનીઓની તપાસ કરવાની તજવીજ કરી હતી તેમજ શંકાસ્પદ ઇસમ શિવમના નાના ભાઈની માહિતી મળતા તે દિશામાં પણ તપાસ કરી હતી તમેજ શંકાસ્પદ ઇસમના પંજાબ નેશનલ બેંકના ખાતાની માહિતી બેંક પાસેથી મેળવવામાં આવી હતી અને આરોપી તથા ભોગ બનનારની શોધખોળ ચાલુ રાખી હતી અને ત્યારબાદ તેઓ રજા ઉપર જતા આગળની તપાસ પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.જે.ભોચે સાહેબે સંભાળી હોવાની હકીકત જણાવી આંક–૩૮ થી ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે. સદર સાહેદે તેમની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતોનો ઇન્કાર કર્યો છે કે, ખોટી ફરીયાદ આધારે ખોટો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો તેમજ તેવા ખોટા નોંધાયેલ ગુનાની તેમણે ખોટી તપાસ કરી હતી.

(૧૧/૬) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૬ કમલેશભાઇ જમશુભાઇ ભોચેને આંક–૩૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને આ ગુનાની તપાસ કરનાર અધિકારી છે. સદર સાહેદે તેમના મૌખિક પુરાવામાં આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે જે કાર્યવાહીઓ કરી હતી તેને સમર્થન આપ્યુ છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી આર.ટી.બ્રહ્મભટ્ટ પાસેથી તપાસ સંભાળી લઇ ભોગ બનનાર તથા શંકાસ્પદ ઇસમના મોબાઇલ લોકેશન આધારે તપાસ કરી હતી અને ભોગ બનનાર ઉત્તર પુર્વી દિલ્હી ખાતેથી મળી આવતા તેણીની વુમન પો.કો.ની હાજરીમાં પુછપરછ કરી નિવેદન નોંધવામાં આવ્યુ હતુ અને તેણીના નિવેદનમાં આરોપી શિવમ રાઠોડ તથા તેના ભાઇ વિજય રાઠોડ વડોદરા, ગોરવા ખાતે લઇ જઇ અને ત્યાંથી શિવમ રાઠોડ તેણીને બાસ્કા હાલોલ ખાતે લઇ ગયેલ અને ત્યાં ત્રણેક માસ બંને રોકાયેલ તેમજ મુંબઇ અને દિલ્હી મુકામે ચારેક માસ રહેલ અને આ દરમ્યાન તેણીએ તથા આરોપી શિવમ રાઠોડે એકબીજાની સંમતિથી અવાર નવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તે થકી તેણીને એક બાળકનો જનમ

થયો હતો તેવી હકીકત જાણવા મળ હતી અને ત્યારબાદ સાહેદે ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા તથા તેણીના અને બાળકના ડી.એન.એ.સેમ્પલો મેળવવા તજવીજ કરેલી તેમજ ભોગ બનનારનું કલમ–૧૮૩ નું નિવેદન નોંધાવવા તજવીજ કરેલી તેમજ જરૂરી કલમોનો ઉમેરો કરવા અંગેની તજવીજ કરી હતી તેમજ આરોપી શિવમ રાઠોરની અટક કરી તેની પુછપરછ કરી તેનો ખુલાસો નોંધવામાં આવ્યો હતો તેમજ આરોપી તથા ભોગ બનનારના કપડા પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલા તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યુ હતુ તેમજ આરોપી તથા ભોગ બનનારના તેમજ બાળકના ડી.એન.એસ.સેમ્પલ મેડીકલ ઓફિસરશ્રી પાસેથી મેળવી પૃથ્થકરણ સારૂ ડી.એફ.એસ.ગાંધીનગર ખાતે મોકલી આપ્યા હતા તેમજ આરોપી તથા ભોગ બનનારના કપડા તથા શરીર ઉપરના સેમ્પલો પૃથ્થકરણ સારૂ એફ.એસ.એલ.અમદાવાદ ખાતે મોકલી આપ્યા હતા તેમજ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવવા તજવીજ કરી હતી તેમજ ભોગ બનનારના એલ.સી.ની નકલ મેળવવા તેણીની શાળાના આચાર્યશ્રીને યાદી કરેલી તેમજ આરોપી વિજય રાઠોર મળી આવતો ન હોય અને નાસતો ફરતો હોય, બી.એન.એસ.ની કલમ–૭૨ મુજબનું વોરંટ મેળવવા તજવીજ કરી હતી તેમજ આરોપી શિવમ રાઠોર વિરૂદ્ધ પુરતા પુરાવા હોય, તેની વિરૂદ્ધ ચાર્જશીટ કર્યુ હતુ અને ત્યારબાદ આરોપી વિજય રાઠોર નામદાર ગુજરાત હાઇકોર્ટના આગોતરા જામીનના હુકમ સાથે હાજર થતા જરૂરી કાર્યવાહી કરી આરોપી વિજયકુમાર રાઠોર સામે પણ પુરતા પુરાવા હોય, તેની વિરૂદ્ધ ચાર્જશીટ કર્યુ હોવાની હકીકત જણાવી આંક–૪૦ થી આંક–૫૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવા સૂચનો સ્વીકાર્યા છે કે, ભોગ બનનારના જન્મ સબંધે ઉત્તરપ્રદેશમાં કોઇ તપાસ કરી નથી. ભોગ બનનારના જન્મ સંબંધે પાટણ નગરપાલિકામાં તથા તેણીએ જયાં અભ્યાસ કર્યો હતો ત્યાં જઇ તપાસ કરી હોવાનું સ્વેચ્છાએ જણાવેલ છે. વધુમાં, સાહેદે એવા સૂચનોનો ઇન્કાર કર્યો છે કે, ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખવામાં આવી ન હતી તેમજ ભોગ બનનારના પિતાની ખોટી ફરીયાદ લઇ ખોટો ગુનો દાખલ

કરવામાં આવ્યો હતો તેમજ ભોગ બનનારની પુછપરછ કરી ન હતી અને ખોટી ફરીયાદના અનુરૂપ તેણીનું નિવેદન તેમની મરજી મુજબનું લખી લીધુ હતુ તેમજ આરોપીઓ વિરૂદ્ધ કોઇ પુરાવા ના હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલુ.

**(૧૨)** હાલના કેસમાં આરોપીઓ ઉપર ભોગ બનનાર ૧૬ વર્ષથી નાની સગીર વયની બાળા હોવાનું જાણતા હોવા છતા, આરોપી શિવમ શિવશંકર રાઠોરે તેના ભાઇ આરોપી વિજયકુમાર શિવશંકર રાઠોરની મદદગારીથી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, જારકર્મ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ, આરોપી શિવમ રાઠોરે ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાનો તથા આરોપી વિજયકુમાર રાઠોરે ગુનામાં મદદગારી કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. પોકસો એકટ અન્વયે કોઈપણ આરોપીને કસુરવાર ઠરાવવા માટે સૌપ્રથમ પોકસો એકટની કલમ-૨(ડી) માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતુ બાળક હોવાની હકીકત પુરવાર થઇ હોવી જરૂરી છે. આ કામે સાહેદ નંબર-૧ પંકજકુમાર ગોવિંદલાલ જોષીના આંક-૧૫ ના સોગંદ ઉપરના પુરાવાથી તેમજ તેઓએ તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ આંક-૧૬ થી આંક-૧૮ સુધીના દસ્તાવેજી પુરાવાથી ભોગ બનનારની જન્મ તા.૧૦/૦૨/૨૦૧૦ ની હોવાનું પુરવાર થયેલ છે. જેથી ભોગ બનનારની જન્મ તારીખ ધ્યાને લેતા તેમજ હાલનો ગુનો તા.૦૩/૧૧/૨૦૨૪ ના રોજ બનેલ હોવાની હકીકત ધ્યાને લેતા, બનાવના દિવસે ભોગ બનનાર ૧૬ વર્ષથી નાની સગીર વયની બાળા હોવાનું પુરવાર થાય છે. આમ, બનાવ વખતે ભોગ બનનાર સગીર વયની બાળા હોઇ, આરોપી સામેના આક્ષેપિત ગુના પુરવાર કરવા માટે ભોગ બનનારનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો છે. હાલના કેસમાં ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી. તેણીનો મૌખિક પુરાવો વંચાણે લેતા, આરોપીઓને તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઇ નથી. ભોગ બનનારના પિતા કે જેઓ ફરીયાદી છે તેમનો મૌખિક પુરાવો

વંચાણે લઈએ તો તેઓએ માત્ર ભોગ બનનાર ગુમ થયાની જે ફરીયાદ નોંધાવી હતી તે ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. આ કામના આરોપીઓ એકબીજાની મદદગારીમાં ભોગ બનનારનું અપહરણ કરી ભગાડી લઈ ગયેલ હોય તેમજ આરોપી શિવમ શિવશંકર રાઠોરે ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોય અને તે થકી તેણીને એક બાળકનો જન્મ થયો હોય તેવી હકીકત તેમની ભોગ બનનાર દિકરીએ તેમને જણાવી હોય તેવી કોઈ જ હકીકત તેઓએ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ નથી. આમ, ભોગ બનનારના પિતાનો મૌખિક પુરાવો ધ્યાને લેતા પણ, આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૩) ત્યારબાદ રેકર્ડ ઉપર આવેલો અન્ય પુરાવા અંગે જોવામાં આવે તો આરોપી વિરૂધ્ધ એફ.એસ.એલ.ના ડી.એન.એ. વિભાગનો પુરાવો રજુ કરવામાં આવ્યો છે. આ કામે ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ અનુસાર હાલના કેસમાં ભોગ બનનારે જન્મ આપેલ બાળક તેમજ આરોપી નંબર–૧ શિવમ રાઠોર તેમજ ભોગ બનનારનો તબીબી અધિકારીએ મેળવેલ નમુના આધારે ડી.એફ.એસ.ગાંધીનગરે ડી.એન.એ.પ્રોફાઈલીંગ કરતા ભોગ બનનારે જન્મ આપેલ બાળકના બાયોલોજીકલ (જૈવિક) પિતા આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોર હોવાનો પોઝીટીવ રીપોર્ટ રજુ થયો છે. આ કામે ઉપર ચર્ચા કરી તે અનુસાર ભોગ બનનારે આ કામના આરોપી નંબર–૧ શિવમ રાઠોરે તેણીની સાથે તેણીની મરજી કે મરજી વિના કોઈ શારીરીક સંબંધો બાંધ્યા હોવાનો અદાલત સમક્ષ સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. તે સંજોગોમાં હાલના કેસમાં ડી.એન.એ. રીપોર્ટ પોઝીટીવ હોય અને તેના થકી ભોગ બનનારે જે બાળકને જન્મ આપેલ છે તે બાળકના બાયોલોજીકલ ફાધર (જૈવિક પિતા) હાલના આરોપી નંબર–૧ શિવમ રાઠોર હોવાનુ પુરવાર થયુ હોય શુ એક માત્ર ડી.એન.એ. રીપોર્ટ ઉપર આધાર રાખીને આરોપી નંબર–૧ શિવમ રાઠોરને તેની ઉપર આક્ષેપિત ગુના સબબે કસુરવાર ઠરાવી શકાય ? તે પ્રશ્ન વિચારણામાં લેવાનો રહે છે. તે અંગે કાયદાના પ્રસ્થાપિત થયેલાં સિધ્ધાંતો જોવા જરૂરી છે. હવે, તે અંગે જોવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટના

Criminal Appeal No. 36 of 2008, Premjibhai Bachubhai Khasiya Vs. State of Gujarat & Another ના ચુકાદામાં ઠરાવેલ છે કે :-

16. The DNA Science and Report is founded on probability theory. When the profiles of accused and foetus/child are consistent, it only shows a probability as per Random Occurrence Ratio. Obviously, it cannot be treated as conclusive proof and cannot be made use of as sole basis of conviction in a criminal case, more so when the Random Occurrence Ratio is not available of Indian Society.

16.1 But, when it is found that the DNA profiles are not consistent or do not match, they conclusively rule out the possibility of involvement of the accused and can be used for recording an acquittal in a criminal case.

16.2 We appreciate the action on the part of the Investigating Police Officer to opt for collection of scientific evidence in form of DNA Report. DNA Report plays an important role and its need and usefulness can not be underestimated. It is useful to any Investigating Police Officer to assess as to whether his investigation of a crime is on right track or not. It would save people from facing unwarranted prosecutions. But, when the question of appreciation of evedence of such report arises before a criminal Court, especially when such report is positive, it shall look for other evidence, particularly when such other evidence does not fall in line with the result in the positive

DNA report or when such other evidence is in direct conflict with the opinion expressed in such positive report. Such report can be used as corroborative evidence ie. an evidence to substantiate other evidence. A positive DNA report cannot be the sole and conclusive evidence to record conviction in a criminal case.

17. In the case on hand, considering the peculiar facts and circumstances and evidence on record, the positive DNA Report should not have been accepted by the trial Court in isolation, i.e. as sole piece of evidence to record the conviction.

(૧૩/૧) ઉપરોકત સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવી આપ્યા મુજબ જયારે ડી.એન.એ. રીપોર્ટ નેગેટીવ હોય ત્યારે તેને આરોપીની ગુનામાં સંડોવણી નથી તેવો નિર્ણાયક પુરાવો ગણવાનો હોય છે. પરંતુ, જ્યારે રીપોર્ટ પોઝીટીવ હોય તો કોઈપણ જાતના સમર્થન વિનાના એકમાત્ર તેવા પોઝીટીવ ડી.એન.એ. રીપોર્ટ ઉપર આધાર રાખીને આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. ડી.એન.એ. રીપોર્ટ એ કેસના નિર્ણય માટે મહત્વનો ભાગ ભજવે છે, તેની જરૂરિયાત અને ઉપયોગિતાને ઓછી આંકી શકાય નહીં. કોઈપણ તપાસ કરનાર પોલીસ અધિકારી માટે તેની ગુનાની તપાસ સાચા માર્ગ પર છે કે નહીં, તેનું મૂલ્યાંકન કરવું ઉપયોગી છે. તે લોકોને બિનજરૂરી કાર્યવાહીનો સામનો કરવાથી બચાવશે. પરંતુ, જયારે ફોજદારી કોર્ટ સમક્ષ આવા અહેવાલના પુરાવાનું મૂલ્યાંકન કરવાનો પ્રશ્ન ઉભો થાય છે, ખાસ કરીને જયારે અહેવાલ હકારાત્મક હોય, ત્યારે તેને અન્ય પુરાવાઓનું સમર્થન મળવું ખુબ જ જરૂરી છે. ખાસ કરીને જયારે આવા અન્ય પુરાવા હકારાત્મક ડી.એન.એ. રીપોર્ટના પરિણામ સાથે સુસંગત ન હોય અથવા જયારે આવા અન્ય પુરાવા આવા હકારાત્મક અહેવાલમાં વ્યકત કરાયેલા અભિપ્રાય સાથે સીધા વિરોધાભાસમાં હોય ત્યારે આવા અહેવાલનો ઉપયોગ સમર્થનકારી

પુરાવા તરીકે થઈ શકે છે. સકારાત્મક ડી.એન.એ. રીપોર્ટ ફોજદારી કેસમાં દોષિત ઠેરવવા માટે એકમાત્ર અને નિર્ણાયક પુરાવા હોઈ શકે નહીં, તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર ચુકાદામાં ઠરાવેલું છે.

**(૧૩/૨)** ત્યારબાદ બચાવપક્ષ તરફે રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના Criminal Appeal No.680 of 2009, 681 of 2009 and 799 of 2009 and 800 of 2009, Pattu Rajan versus State of Tamil Nadu, 2019 (4) SCC 771 ના ચુકાદામાં ઠરાવેલ છે કે, :-

32. The role of an expert witness rendering opinion evidence before the Court may be explained by referring to the following observations of this Court in Ramesh Chandra Agrawal v. Regency Hospital Limited & Ors., (2009) 9 SCC 709:

> "16. The law of evidence is designed to ensure that the court considers only that evidence which will enable it to reach a reliable conclusion. The first and foremost requirement for an expert evidence to be admissible is that it is necessary to hear the expert evidence. The test is that the matter is outside the knowledge and experience of the lay person. Thus, there is a need to hear an expert opinion where there is a medical issue to be settled. The scientific question involved is assumed to be not within the court's knowledge. Thus cases where the science involved, is highly specialized and perhaps even esoteric, the central role of an expert cannot be disputed…" (emphasis supplied) Undoubtedly, it is the duty of an expert witness to assist the Court effectively by furnishing it with the

relevant report based on his expertise along with his reasons, so that the Court may form its independent judgment by assessing such materials and reasons furnished by the expert for coming to an appropriate conclusion. Be 38 that as it may, it cannot be forgotten that opinion evidence is advisory in nature, and the Court is not bound by the evidence of the experts. (See The State (Delhi Adminstration) v. Pali Ram, (1979) 2 SCC 158; State of H.P. v. Jai Lal & Ors., (1999) 7 SCC 280; Baso Prasad & Ors. v. State of Bihar, (2006) 13 SCC 65; Ramesh Chandra Agrawal v. Regency Hospital Ltd. & Ors. (supra); Malay Kumar Ganguly v. Dr.Sukumar Mukherjee & Ors., (2010) 2 SCC (Cri) 299).

33. Like all other opinion evidence, the probative value accorded to DNA evidence also varies from case to case, depending on facts and circumstances and the weight accorded to other evidence on record, whether contrary or corroborative. This is all the more important to remember, given that even though the accuracy of DNA evidence may be increasing with the advancement of science and technology with every passing day, thereby making it more and more reliable, we have not yet reached a juncture where it may be said to be infallible. Thus, it cannot be said that the absence of DNA evidence would lead to an adverse inference against a party, especially in the 39 presence of other cogent and reliable evidence on record in favour of such party.

**(૧૩/૩)** ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં ઠરાવી આપ્યા મુજબ નિ:શંકપણે, નિષ્ણાંત સાક્ષીની ફરજ છે કે તે કોર્ટને તેની કુશળતાના આધારે તેના કારણો સાથે સંબંધિત અહેવાલ રજુ કરીને અસરકારક રીતે મદદ કરે, જેથી કોર્ટ આવી સામગ્રી અને રજુ કરેલા કારણોનું મૂલ્યાંકન કરીને પોતાનો સ્વતંત્ર ચુકાદો આપી શકે. અન્ય તમામ અભિપ્રાય પુરાવાઓની જેમ, ડી.એન.એ. અહેવાલના પુરાવાનું મૂલ્ય પણ કેસ દર કેસમાં બદલાતા રહે છે, કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરના અન્ય પુરાવાઓને આપવામાં આવેલા વજનના આધારે, પછી ભલે તે વિરુધ્ધ હોય કે સમર્થનકારી. આમ, એવું કહી શકાય નહીં કે, ડી.એન.એ. પુરાવાની હાજરી રેકર્ડ પરના અન્ય સચોટ અને વિશ્વસનીય પુરાવાઓની હાજરીમાં પ્રતિકૂળ અનુમાન તરફ દોરી જશે.

**(૧૩/૪)** જ્યારે હાલના કેસમાં ખુદ ભોગ બનનાર તેણીની સાથે આરોપી નંબર–૧ શિવમ રાઠોરે શારીરિક સંબંધ બાંધેલ હોવાનો જ ઈન્કાર કરતા હોય ત્યારે આવા ડી.એન.એ. અહેવાલ સ્વરૂપના ફકત સમર્થનકારી પુરાવાના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી, સદર ડી.એન.એ. અહેવાલ સાથે મુખ્ય પુરાવો જેમ કે, ભોગ બનનારનો પુરાવો રેકર્ડ ઉપર આવવો જરૂરી છે અને તો જ સદર ડી.એન.એ. અહેવાલ ફરીયાદ પક્ષને મદદરૂપ બની શકે છે. હાલના કેસમાં ભોગ બનનારે આ કામના આરોપી નંબર–૧ શિવમ રાઠોરે તેણીની સાથે શારીરીક સંબંધો બાંધ્યા હોવાનો કોઈ પુરાવો જ રજુ કર્યો નથી, તે સંજોગોમાં એક માત્ર ડી.એન.એ. રીપોર્ટ પોઝીટીવ હોવા માત્રથી હાલના આરોપી નંબર–૧ શિવમ રાઠોરને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી.

**(૧૪)** વધુમાં, હાલના કેસમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનાર અને આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોરે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામા તેમજ ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના જનરલ હોસ્પિટલ, પાટણનું સર્ટીફિકેટ તથા ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ વિગેરે બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા છે. સબબ તે દસ્તાવેજો

પુરાવામાં સીધેસીધા ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજો થકી પણ આ કામના આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોરે તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ નથી. કારણ કે, તેવા દસ્તાવેજોનો ઉપયોગ માત્ર ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન આપવા માટે કરી શકાય. જયારે હાલના કેસમાં ભોગ બનનારે તેણીના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય, સદર દસ્તાવેજો કે જે પુરાવાનું સમર્થનાત્મક મુલ્યાંકન ધરાવે છે તે થકી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. ત.ક.અમલદાર તથા તબીબી પુરાવાઓ ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય, તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ હાલના આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહીં.

**(૧૫)** આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો જોતા, આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપ મુજબના આવશ્યક અને પાયાના તત્વો તમામ સાહેદોના પુરાવા ઉપરથી સંતોષાતા નથી. ફરીયાદીની સગીર વયની કુંવારી દિકરી ગર્ભવતી થયેલ છે, તે ઘણી જ ગંભીર બાબત છે. પરંતુ, નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરી આપ્યા મુજબ, અદાલતે લાગણીનાં પ્રવાહમાં તણાયા વગર કેસનો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તેનું કાયદાના દાયરામાં રહીને મૂલ્યાંકન કરવાનું હોય છે. શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ, તે કયારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. નામદાર સુપ્રિમ કોર્ટે સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત કરી આપ્યા મુજબ આવા કેસમાં ભોગ બનનારનો પુરાવો એ મુખ્ય પુરાવો છે અને તેના સમર્થન વિના અન્ય પુરાવાઓ એ સમર્થનકારી પુરાવા છે, જે મુખ્ય પુરાવાનું સ્થાન લઈ શકે નહીં અને ફકત સમર્થનકારી પુરાવાના આધારે આરોપીને સજા કરી શકાય નહીં.

**(૧૬)** આમ, ઉપરોકત સર્વે ઉડાણપૂર્વકની રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કાયદાના માપ–દંડો અને નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચૂકાદાઓ

દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે કરતા અને પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન, પૃથ્થકકરણ અને પરીક્ષણ કરતા, આ કામના આરોપીઓ ફરીયાદીની ભોગ બનનાર દિકરી ૧૬ વર્ષ કરતા નાની સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોરે આરોપી નંબર–૨ વિજયકુમાર શિવશંકર રાઠોરની મદદગારીથી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, દુષ્કર્મ કરવાના ઇરાદાથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઇ જઇ, આરોપી નંબર–૧ શિવમ શિવશંકર રાઠોરે ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ અને તે થકી તેણીને ગર્ભ રહી ગયેલ અને તેમ કરી આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત શંકારહિત, સચોટ, માનવાલાયક, ભરોસાપાત્ર અને વિશ્વાસજન્ય પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડયો છે. પરંતુ, હાલના કેસમાં ભોગ બનનાર કે જેણી ૧૬ વર્ષ કરતા ઓછી વય ધરાવે છે તેણી ગર્ભવતી થઇ હોવાની હકીકત તેમજ તેણીએ એક બાળકને જન્મ આપ્યો હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઇ છે. તે સંજોગોમાં હાલના કેસમાં ભોગ બનનાર અને તેણીએ ૧૬ વર્ષ કરતા ઓછી કુમળી વયે જન્મ આપેલ બાળકના પુન:નિર્વાસન અર્થે ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ અન્વયે તેઓને યોગ્ય રકમનું વળતર ચુકવવાનો હુકમ કરવો વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાય છે. જેથી ઉપરોકત ચર્ચાને અંતે **મુદ્દા નંબર–૧** નો જવાબ **નકારાત્મક** આપી **મુદ્દા નંબર–૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) **સ્પે.પોકસો કેસ નંબર : ૩૫/૨૦૨૫** ના કામના આરોપી શિવમ શિવશંકર રઘુબીર રાઠોર, ઉં.વ.૨૩, ધંધો : મજુરી, રહેવાસી : દિલ્હી, રામગાર્ડન ગલી નં.૩, આર.પી.રાણાના

મકાનમાં, રાવલનગર, ઉત્તર પૂર્વી દિલ્હી તથા હાલ રહેવાસી : બાસ્કા, તા.હાલોલ, જી.પંચમહાલ તથા મુળ રહેવાસી : ભૌમરાઉ, તા.તિબા, જી.કનૌજ, ઉત્તરપ્રદેશ તથા **સ્પે.પોકસો કેસ નંબર : ૪૯/૨૦૨૫** ના કામના આરોપી વિજયકુમાર શિવશંકર રઘુબીર રાઠોર, ઉં.વ.૨૦, ધંધો : મજુરી, રહેવાસી : ગામખ–ભૌમરાઉ, પોસ્ટ–ઈન્દરગઢ, કાલસન, તા.તિબા, જી.કનૌજ, ઉત્તરપ્રદેશવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કેસમાં ભોગ બનનાર સગીર વયની બાળા ગુનાહિત કૃત્યના કારણે ગર્ભવતી થઇ હોય અને તેણીએ એક બાળકને જન્મ આપ્યો હોય, ભોગ બનનાર અને તેણીને જન્મ આપેલ બાળકના પુનઃનિર્વાસન માટે બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૬ અન્વયે ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમના નેજામાંથી રૂા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરાની રકમ વળતર ભોગ બનનારને ચુકવવાનો તેમજ જો વચગાળાના વળતર તરીકે કોઈ રકમની ચુકવણી ભોગ બનનારને કરવામાં આવી હોય તો તે મજરે ગણી બાકીની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે માટે આ જજમેન્ટની એક નકલ વિનંતીપત્ર સાથે મહે.ચેરમેનશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણ તરફ મોકલી આપવી.

**Judge, Sp. Court, Pocso Act, Patan.**

(૪) આ કામના પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ, અપીલ સમય સુધી રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો એક સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો ભરી આપવાનો રહેશે.

(૫) આ ચુકાદાની એક ખરી નકલ **સ્પે.પોકસો કેસ નં.૪૯/૨૦૨૫** ના કામે સામેલ રાખવી.

આ હુકમ આજરોજ તારીખ : **૧૦** મી, માહે : **જુલાઇ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૬.
પાટણ

**(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)**
સ્પેશ્યલ જજ (પોકસો),
પાટણ.
(જજ કોડ નં. જીજે ૦૦૫૯૭)

KBS.